# પાકિસ્તાનની જેલમાં છેલ્લા ૫૦ વર્ષથી સબડતા ચાંદરણીના યુદ્ધ કેદી કેપ્ટન કલ્યાણસિંહને મુક્ત કરાવો

બાયડ, તા.૧૩
છેલ્લા ૫૦ વર્ષથી પાકિસ્તાનની જેલમાં સબડતા સાબરકાંઠાના હિંમતનગર નજીકના ચાંદરણી ગામના યુદ્ધ કેદી કેપ્ટન કલ્યાણસિંહ રાઠોડને છોડાવવાની માંગમાં કોઈ પ્રગતિ જણાતી નથી જેથી જિલ્લાના દેશપ્રેમીઓ દ્વારા વડાપ્રધાનને ફરી એકવાર પત્ર લખી યુદ્ધ કેદીને પાકિસ્તાનની જેલમાંથી છોડાવવા માટે મદદ માંગી રહ્યા છે.

વર્ષ-૧૯૭૧ ના ભારત-પાકિસ્તાન યુદ્ધ વખતે પાકિસ્તાને ભારતના અનેક સૈનિકોને યુદ્ધ કેદી બનાવ્યા છે અને તેમનું જીવન નર્કાગાર બનાવી દીધું છે. બહાર આવેલી વિગતો અનુસાર ૧૯૭૧ ના યુદ્ધ પછી ૫૦ વર્ષથી પાકિસ્તાનની જેલમાં બંધ ભારતીય ૫૪ કેદી હતા. જેમાં હિંમતનગરના ચાંદરણીના કલ્યાણસિંહ રાઠોડ પણ કેદ છે. દર ૨૬ જાન્યુઆરીએ સમગ્ર ગામ



કલ્યાણસિંહ રાઠોડને યાદ કરે છે. તેમના કુટુંબીજનો અને ગામ આજે પણ કલ્યાણસિંહની વતન વાપસીની રાહ જોઈ રહ્યા છે. ભારતની અખંડીતતા માટે લડીને યુદ્ધ કેદીનું જીવન તેઓ પાકિસ્તાન જેલમાં વિતાવી રહ્યા છે. કલ્યાણસિંહને પાકિસ્તાની જેલમાંથી છોડાવવા માટે તેમના ભાઈઓએ રાજ્ય થી કેન્દ્ર સરકાર સુધી અનેક રજૂઆતો કરી પરંતુ સફળતા મળી નથી. કલ્યાણસિંહની વીરગાથા ઉપર નજર કરવામાં આવે તો તેમના પિતા હરીસિંહ રાઠોડ મેજીસ્ટ્રેટ હતા. કલ્યાણસિંહ ધો.૧૨ પાસ કરીને નોકરી માટે પુનામાં ગયા પરંતુ નાનપણથી જ તેમનામાં દેશદાઝ અને અખૂટ કૌવત હતું. જેથી તેમના માલિકે ભારતીય લશ્કરમાં જોડાવવા માટે સલાહ આપી. તેઓ લશ્કરી તાલીમમાં જોડાયા અને આસામ રેજીમેન્ટ-૫માં સ્થાન મેળવ્યું. તેઓ પોતાના પરાક્રમથી સેકન્ડ લેફ્ટનન્ટ, લેફ્ટનન્ટ અને છેલ્લે ૧૯૬૮માં કેપ્ટન બન્યા હતા. તેમના લગ્ન થાય તે અગાઉ યુદ્ધ મોરચે તેમને મોકલવામાં આવ્યા. પાકિસ્તાન સાથે યુદ્ધ થવાનું છે તે અણસાર મળતાં તેમને હૈદરાબાદની ફરજથી જમ્મુ-કાશ્મીરના છંબ ખાતે બસલારા પોઈન્ટ મોરચા ઉપર મોકલવામાં આવ્યા હતા. ત્યારબાદ તેમનો આજદિન સુધી કોઈ પત્તો નથી.

### લશ્કર કહે છે શહીદ થયા પરંતુ તેમના સાથીએ કહ્યું યુદ્ધ કેદી છે..!!

કેપ્ટન કલ્યાણસિંહ રાઠોડ હયાત છે કે કેમ..?? તે બાબતે પણ શંકાઓ ઉભી છે. લશ્કર કહે છે કે ૩ ડિસેમ્બર-૧૯૭૧ ના રોજ ભારત-પાકિસ્તાન યુદ્ધ થયું, ૬ ડિસેમ્બરે કુટુંબને કમાન્ડીંગ અધિકારીનો પત્ર મળ્યો કે કેપ્ટન કલ્યાણસિંહ રાઠોડ ગુમ છે, ત્યારબાદ કલ્યાણસિંહ શહીદ થઈ ગયા છે, પણ ૨૬ જાન્યુઆરી-૨૦૨૧ સુધી ભારતનું લશ્કર કે સરકાર તેમના શહીદ અંગે એકપણ પુરાવો આપી શક્યું નથી. કલ્યાણસિંહ રાઠોડના સાથી જવાને પરિવારને આપેલી માહિતી પરથી જાણવા મળ્યું કે પાકિસ્તાન લશ્કરે તેમને યુદ્ધ કેદી બનાવ્યા છે બસ ત્યારથી જ તેમના પરિવારજનો કલ્યાણસિંહ રાઠોડની પાકિસ્તાન જેલમાંથી વતન વાપસી ઝંખી રહ્યા છે અને આજે ૫૦ વર્ષ પછી પણ આજે નહીં તો કાલે કલ્યાણસિંહ આવશે તેવી અડગ શ્રદ્ધા છે.

### દુશ્મનોથી બચી ન શકાય તેમ જણાતાં ખાડામાં ગુરૂની તસવીર મૂકી દીધી..!!

ચાંદરણીના કેપ્ટન કલ્યાણસિંહ શૂરવીરની સાથે ધાર્મિક પણ હતા. યુદ્ધ દરમ્યાન તેમને લાગ્યું કે હવે દુશ્મનોથી બચી શકાય તેમ નથી જેથી જમીનમાં ખાડો ખોદવા લાગ્યા હતા તેમના બે સાથીદારો આ દ્રશ્ય જોઈ રહ્યા હતા કેપ્ટન રાઠોડ પોતાના ખિસ્સામાંથી એક તસવીર કાઢી અને ખાડામાં મૂકીને ખાડો પૂરી દીધો. કલ્યાણસિંહ એક આસ્તિક વ્યક્તિ હતા તેઓ લુણાવાડાના ગુમાનંદજીમાં આસ્થા ધરાવતા હતા. ગુમાનંદજીની એક તસવીર સાથે રાખતા હતા. દુશ્મનો પકડી લે તો ગુરૂજીની તસવીર દુશ્મનોના હાથમાં ન લાગે તે માટે એમને ખાડો ખોદીને તસવીર શ્રદ્ધા સાથે એમાં મૂકી દીધી હતી.

### પુત્રની રાહમાં પિતાએ ૧૯૮૬માં પ્રાણ ત્યજ્યા..!!

કલ્યાણસિંહ રાઠોડ પાકિસ્તાની જેલમાંથી પરત ફરશે તેવી આશામાં તેમના પિતા હરીસિંહની આંખનાં આંસુ પણ સૂકાઈ ગયાં હતાં. વર્ષ-૧૯૮૬માં હરીસિંહ અવસાન પામ્યા. તેમના ભાઈઓએ પાકિસ્તાની સરકાર, ભારત સરકાર, ન્યાયાલય, હ્યુમન રાઈટ્સ એસોસીએશન જેવી અનેક સંસ્થાઓમાં રજૂઆતો કરી પરંતુ છેલ્લા ૫૦ વર્ષથી તેમને ચોમેરથી નિરાશા મળી છે

### યુદ્ધ કેદી નાથારામે કહેલું કલ્યાણસિંહ જીવે છે

માર્ચ-૧૯૮૮માં પાકિસ્તાની જેલમાંથી છૂટીને આવેલા ભારતીય કેદી નાથારામે જણાવ્યું હતું કે કેપ્ટન કલ્યાણસિંહ રાઠોડ રાવલપીંડીની જેલમાં સબડી રહ્યા છે. વર્ષ-૧૯૮૩માં રાવલપીંડીની જેલના ઈન્ટ્રોગેશન સેન્ટરમાં નાથારામ અને કલ્યાણસિંહ ભેગા થઈ ગયા હતા. ત્યારબાદ જુલાઈ-૧૯૮૮માં છૂટીને આવેલા મુખ્રિયારસિંહે પણ કલ્યાણસિંહને ૧૯૮૮માં લાહોરની કોટલખબર જેલમાં જોયા હોવાનું જણાવ્યું હતું.

### નાનો ભાઈ દિલીપસિંહ પણ પાકિસ્તાન જઈ આવ્યો

પાકિસ્તાને યુદ્ધ કેદી બનાવેલા કેપ્ટન કલ્યાણસિંહ રાઠોડને પાછા મેળવવા માટે તેમના પરિવારે તમામ તાકાત કામે લગાડી છે. વર્ષ-૨૦૦૭માં ભારતીય યુદ્ધ કેદીઓના પરિવારોનું એક પ્રતિનિધિ મંડળ પાકિસ્તાન ગયું હતું જેમાં દિલીપસિંહ રાઠોડ પણ ગયા હતા. પાકિસ્તાનમાં ૧૫ દિવસ રહ્યા, બધી જ જેલમાં ફર્યા, જેલના સુપ્રિટેન્ડેન્ટ યાદી પણ વાંચી સંભળાવતા હતા પરંતુ નામ ઉર્દુમાં લખ્યા હોઈ અને પૂરતો સહકાર મળતો ન હતો જેથી તેઓ પરત ફર્યા હતા તેઓએ પાકિસ્તાનની જેલની ભયંકરતા વિશે પણ ચિતાર આપ્યો હતો.

### સાબરકાંઠાના પૂર્વ સાંસદે કેપ્ટન કલ્યાણસિંહના વતન વાપસી માટે સંસદમાં અવાજ ઉઠાવ્યો હતો

સાબરકાંઠાના વર્ષ-૨૦૦૯ થી ૨૦૧૪ દરમ્યાન સાંસદ રહેલા ડૉ.મહેન્દ્રસિંહ ચૌહાણે ચાંદરણી ગામના કેપ્ટન કલ્યાણસિંહ રાઠોડ પાકિસ્તાનની જેલમાં સબડી રહ્યા છે ત્યારે તેમને મુક્ત કરવા માટે સંસદમાં પણ અવાજ ઉઠાવ્યો હતો તેમને મરણોત્તર શૌર્યચક્ર એવોર્ડ અને પરિવારને આર્થિક સહાય મળે તે માટે પણ રજૂઆત કરી હતી.

# રાજ્યમાં કોરોના સંક્રમણના નવા ૨૭૯ કેસ નોંધાયા

## અત્યાર સુધીમાં કુલ ૨૫૮૮૩૪ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા : ૨૪ કલાકમાં અમદાવાદમાં ૬૦ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૧૩
ગુજરાતમાં કોરોના હવે ધીરે ધીરે કોરોના કાબુમાં આવી રહ્યો છે. રાત્રી કર્ફ્યૂ બાદ સ્થિતી ધીરે ધીરે થાળે પડી રહી હોય તેમ આંકડા ધીરે ધીરે ઘટવા લાગ્યા છે. લાંબા સમય બાદ સતત કોરોનાના કેસનો આંકડો ૧૦૦૦ ની નીચે આવ્યો છે. તો કોરોના સિટી તરીકે ઓળખાતા અમદાવાદમાં ૧૦૦થી નીચે કેસ આવ્યા છે. આજે રાજ્યમાં નવા ૨૭૯ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૨૮૩ નવા દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૨,૫૮,૮૩૪ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે. આજે એક દિવસમાં ૬૩૦ કેન્દ્રો પર ૧૭,૦૦૮ વ્યક્તિઓનું રસીકરણ કરવામાં આવ્યું. આ પ્રકારે કુલ ૭,૮૪,૬૧૯ વ્યક્તિઓનું રસીકરણ પુર્ણ થયું છે. જો કે હજી સુધી એક પણ વ્યક્તિને રસીની આડઅસર જોવા નથી મળી.

રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૭.૬૭ ટકા થઈ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. જો કે આશ્ચર્યજનક રીતે કેટલા ટેસ્ટ કરવામાં આવ્યા તે અગાઉ આંકડો દર્શાવાતો હતો. જે હવે બંધ કરી દેવાયો છે.

# વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમનું ૨૩મીએ ઉદ્‌ઘાટન

## રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અને ગૃહમંત્રી અમિત શાહ હાજર રહે એવી શક્યતા

ગાંધીનગર, તા. ૧૩
અમદાવાદના મોટેરા ખાતે નવા બનેલા દુનિયાના સૌથી મોટા સ્ટેડિયમમાં ૨૫મી ફેબ્રુઆરીથી પહેલી ઈન્ટરનેશનલ મેચ ભારત-ઈંગ્લેન્ડ વચ્ચે રમાવવા જઈ રહી છે ત્યારે આ નવનિર્મિત મોટેરા સ્ટેડિયમનો ભવ્યાતિભવ્ય ઉદ્‌ઘાટન સમારોહ ૨૩મી ફેબ્રુઆરીના રોજ સાંજે મોટેરા સ્ટેડિયમ ગ્રાઉન્ડમાં યોજાશે. આ કાર્યક્રમમાં ભારતના રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ આવે તેવી પૂરી શક્યતાઓ છે. જેનો કાર્યક્રમ બે દિવસમાં નક્કી થઈ જશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પણ આ કાર્યક્રમમાં હાજરી આપી શકે છે. ઉદ્‌ઘાટન સમારોહ અને સુરક્ષા વ્યવસ્થાને લઈતૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. મોટેરા સ્ટેડિયમમાં ૧ લાખ લોકો બેસે એટલી કેપીસીટી છે, પરંતુ કોરોનાને કારણે ૫૦ ટકા સ્ટેડિયમમાં બેસી મેચ જોઈ શકશે.



## બાયડની અગાઉની તસ્કરીમાં સામેલ છે કે કેમ ?

# ૩ શકમંદોની અટકાયત, વાત્રકમાં બે મકાન મોબાઈલ ટાવર સ્થળે તસ્કરો ત્રાટક્યા

બાયડ, (બ્યુરો ઓફિસ)તા.૧૩
બાયડના વાત્રકમાં ગતરાત્રે મહેન્દ્રકુમાર અંબાલાલ બ્રહ્મભટ્ટ, મીનાબેન કનુભાઈ બારોટ અને ખાનગી કંપનીના મોબાઈલ ટાવર સ્થળે ત્રાટકેલા તસ્કરો કુલ રૂા.૫,૧૪,૦૦૦ ની મત્તા ચોરી પલાયન થઈ જતા સનસનાટી મચી છે. ઘરફોડ તસ્કરોને જબ્બે કરવામાં પોલિસને ગણતરીના કલાકોમાં સફળતા મળી હોય તેમ ૩ શકમંદોની અટકાયત કરી પૂછપરછ શરૂ કરવામાં આવી છે જેમાં બાયડની સહજાનંદ સોસાયટીમાં રહેતા કિરીટભાઈ પંચાલ, જયંતીભાઈ લટા, વગેરેના મકાનમાં ઉત્તરાયણ સમયે થયેલી લાખો રૂપિયા મત્તાની ચોરીનો ભેદ પોલિસ ઉકેલી શકશે ખરી ? વાત્રકમાં લાખોની તસ્કરી પછી ડોગસ્ક્વોડ અને એફ.એસ. એલ.ની મદદ લેવામાં આવી છે જોકે નાઈટ પેટ્રોલીંગના દાવા કરતી બાયડ પોલિસની ઉંઘ ચતુર તસ્કરોએ હરામ કરી દીધી છે.

બાયડની બાહોશ પોલિસ તસ્કરીના ભેદ ઉકેલવામાં નિષ્ફળ ગઈ છે. અગાઉ વાહનોના કાટમાળ ચોરતી ગેંગને પકડીને બાયડના બજારમાં ફરાવી વાઘ માર્યો હોય તેવો દેખાડો કરવામાં આવ્યો હતો. ગત તા.૧૪ જાન્યુઆરી આસપાસ બાયડના બસ સ્ટેશન વિસ્તારની સોસાયટીમાં તસ્કરોએ ૩ મકાનોને નિશાન બનાવી સોના-ચાંદીના દાગીના રોકડ રકમ સહિત લાખોની મત્તા ઉસેડી ગયાના એક મહિના પછી પણ તપાસમાં પોલિસનો ક્યાંય ટપ્પો પડતો નથી. બાયડ પોલિસ ભર શિયાળે નાઈટ પેટ્રોલીંગ કરવાને બદલે ઘોર નિદ્રામાં પોઢી જાય છે. તે બાબતથી માહેર તસ્કરોએ વાત્રક ગામના બારોટ પરિવારના બે બંધ મકાનોને નિશાન બનાવી સોના-ચાંદીના દાગીના, રોકડ રકમ મળી કુલ રૂા.૫,૧૪,૦૦૦ની મત્તા ઉસેડી લીધી હતી. બે મકાનોમાં હાથફેરો કરનાર તસ્કરોએ વાત્રક-સુંદરપુરા જતા રોડ ઉપર ખાનગી કંપનીના મોબાઈલ ટાવર સ્થળેથી રૂા.૭૦,૦૦૦ની કિંમતની બેટરીઓ ચોરી લીધછ હતી. ૩ સ્થળે ત્રાટકેલા તસ્કરોએ લાખો રૂપિયાની તસ્કરીને અંજામ આપતાં બાયડ પોલિસ દોડતી થઈ હતી જેમાં તપાસ દરમિયાન ૩ શકમંદો પોલિસના હાથે ઝડપાયાં છે. જેમાં આગવી ઢબથી પૂછપરછ કરતાં મોબાઈલ ટાવર સ્થળેથી ચોરાયેલા બેટરી ચોરી કબૂલી છે. પોલિસ ચુંટણીલક્ષી કામગીરીમાં વ્યસ્ત હોવાના કારણે શકમંદોની સરભરા કરી ઉંડી તપાસ થશે તો વાત્રકની બે ઘરફોડ તેમજ બાયડમાં થયેલ અગાઉની તસ્કરીના ગુન્હા ઉકેલાવાની સંભાવના છે.

### શકમંદોએ બેટરી ચોરી કબૂલી : પી.આઈ.

બાયડ પી.આઈ. એન.જી.ગોહિલનો સંપર્ક કરતાં વાત્રકમાં તસ્કરીના બનાવ પછી પોલિસ દ્વારા ૩ શકમંદોની અટકાયત કરવામાં આવી છે જેમાં આરોપીઓએ બેટરી ચોરીનો ગુન્હો કબૂલી લીધો છે પોલિસે મુદ્દા માલ પણ જપ્ત કર્યો છે અને વધુ તપાસ ચાલુ હોવાનું જણાવ્યું હતું.

### બાયડ પોલીસે આતંકીઓ પકડ્યા હોય તેમ નામ આપવામાં ખો

બાયડ પોલિસે વાત્રક નજીકની તસ્કરીમાં ૩ શકમંદો પકડ્યા છે છેલ્લા ૨૪ કલાકથી મામલો દબાવા માટે પ્રયાસ થતા હોય તે બાયડ પોલિસે શકમંદોના નામ આપવાનો ઈન્કાર કર્યો હતો. જાણે બાયડ પોલિસે આતંકીઓ પકડ્યા હોય..!

# હાઈ એલર્ટ વચ્ચે વિસ્ફોટકોની હેરાફેરી..!!

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૧૩
સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીના કારણે પોલિસને એલર્ટ કરવામાં આવી છે ત્યારે વિસ્ફોટકોની ગેરકાયદે હેરાફેરી થવા લાગી છે. જિલ્લામાં પાણીનાં તળ ઉંડાં જતાં કૂવા ઉંડા કરવા માટે વિસ્ફોટકોનો ગેરકાયદે ઉપયોગ શરૂ થયો છે. બંન્ને જિલ્લામાં બોરકૂવામાં બ્લાસ્ટ કરવા માટે જીલેટીન સહિતનાં વિસ્ફોટકોનો ઉપયોગ થતાં એસ.ઓ.જી.ની કામગીરી શંકાના દાયરામાં આવી છે. જિલ્લામાં સરહદી રાજસ્થાનમાંથી એકસપ્લોઝીવ વિસ્ફોટકોની હેરાફેરી ઘણા સમયથી ચાલી રહી છે જેમાં જૂજ કિસ્સાઓમાં જ પોલીસે ગેરકાયદે વિસ્ફોટકો ઝડપ્યાં છે.

જિલ્લામાં વિસ્ફોટકોના વેપારમાં સરકારના નીતિ નિયમોને નેવે મૂકી અનેક વિસ્તારોમાં ગેરકાયદે બારૂદનો વેપલો થઈ રહ્યો છે. રહેણાંક વિસ્તાર તેમજ ભીડભાડવાળી જગ્યાએ વિસ્ફટોકાનાં ગોડાઉન સામે તંત્રએ આંખ મિચામણાં કરતાં ગમે ત્યારે મોટી દુર્ઘટનાની સંભાવના વ્યક્ત થઈ રહી છે ત્યાં સરહદી રાજસ્થાનમાંથી વિસ્ફોટકોનો ગેરકાયદેસર વેપલો શરૂ થયો છે. જિલ્લામાં નબળા ચોમાસાથી પાણીનાં તળ ઉંડાં જતાં આગામી ઉનાળામાં સિંચાઈના પાણીની આગોતરી સગવડ માટે ગ્રામ્ય વિસ્તારોમાં બોરકૂવા ઉંડા કરવાની કામગીરીનો ધમધમાટ શરૂ થયો છે જેમાં રાજસ્થાની ઈસમો ટ્રેક્ટર લઈને વિસ્ફોટક સામગ્રી સાથે ખેડૂતોના ખેતરમાં જઈ ગેરકાયદે બ્લાસ્ટ કરી આપતા હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. જિલ્લામાં કૂવા ઉંડા કરવા માટે વિસ્ફોટકોનો ગેરકાયદે ઉપયોગથી સલામતી સામે જોખમ ઉભું થવાની સંભાવના છે. છેલ્લા કેટલાય સમયથી રાજસ્થાની ઈસમો ટ્રેક્ટર લઈને વિસ્ફોટકો ભરવા માટે ગ્રામ્ય વિસ્તારોમાં ફરતા થયા છે. પરંતુ એસ.ઓ.જી. તંત્ર એલર્ટ વચ્ચે કુંભકર્ણની નિંદ્રામાં પોઢતું હોય તેવી સ્થિતિ છે. જિલ્લામાં વિના રોકટોક વિસ્ફોટકોની હેરાફેરી થતી હોવા છતાં જૂજ કિસ્સાઓમાં જ પોલીસને ગેરકાયદે બારૂદનો વેપલો પકડવામાં સફળતા મળી છે. બોરકૂવા ઉંડા કરવા માટે સરકારના નિયમોનું યોગ્ય રીતે પાલન કરવાનું હોય છે અને વિસ્ફોટક સામગ્રી વેચવાનો પરવાનો હોય તે જ વ્યક્તિ વેચાણ કરી શકે તેવી જોગવાઈ છતાં જિલ્લામાં વિસ્ફોટકોની હેરાફેરી ગેરકાયદે રીતે ધમધમી રહી છે. જિલ્લાના સાઠંબા થી પોશીના સુધીના પટ્ટામાં ગેરકાયદે વિસ્ફોટકોની હેરાફેરી થઈ રહી છે છતાં કોઈ પગલાં ભરવામાં ન આવતાં હાઈએલર્ટની સ્થિતિ વચ્ચે ગેરકાયદે વિસ્ફોટકો દેશની શાંતિ હણવા માટે જ હંમેશાં તત્પર રહેતા દેશદ્રોહીના હાથમાં પહોંચી જાય તો સલામતી સામે ગંભીર જોખમ ઉભું થવાની દહેશત છે. ત્યારે માત્ર હોટલોમાં જ તપાસ કરવા માટે ટેવાયેલી એસ.ઓ.જી.ની ટીમ માર્ગો ઉપર થતી વિસ્ફોટકોની ગેરકાયદે હેરાફેરીને રોકે તે જરૂરી છે.

### અરવલ્લી જિલ્લામાં કૂવા ઉંડા કરવા વિસ્ફોટકોનો ગેરકાયદે ઉપયોગ : એસ.ઓ.જી.ની કામગીરી શંકાના દાયરામાં

### ધનસુરા, હિંમતનગરના વેપારીઓ સાથે ખાખી વર્દીની સાંઠગાંઠ

જિલ્લાના કેટલાક વિસ્તારોમાં વિસ્ફોટક સામગ્રીનું વેચાણ કરતા લાયસન્સ ધારક વેપારી ઉપર મોટાપાયે ખોટું કરતા હોય છે અને તે ઢાંકવા માટે પોલીસ દર મહિને મુલાકાત લીધા પછી પણ કોઈ કાર્યવાહી કરતી નથી તેથી ખાખી વર્દીની વિસ્ફટકોના વેપારીઓ સાથે સાંઠગાંઠ હોવાના આરોપ લાગ્યા છે. જિલ્લા પોલીસ વડા દ્વારા વિસ્ફોટક સામગ્રી વેચતા વેપારીઓના ત્યાં સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધરવામાં આવે તો અનેક લોલમલોલ ચાલતી વિગતો સામે આવે તેમ છે.

# વીમા કંપનીને વ્યાજ સાથે દાવો ચૂકવવાનો આદેશ

## ડીસાની શ્રી જાગૃત નાગરિક સંસ્થાએ વીમાનો દાવો મંજુર કરાવ્યો

ડીસા
થરાદ તાલુકાનાં પીલુડા ગામના રહેવાસી અને ટ્રાન્સપોર્ટના વ્યવસાય સાથે સંકળાયેલા સગથાભાઈ કરસનભાઈ રાજપૂતે પોતાના વાહનનો વીમો ધી ન્યુ ઈન્ડિયા ઈન્સુરન્સ કંપની પાસેથી મેળવેલ હતો. વીમા પોલિસી અમલમાં હતી તે દરમિયાન ગ્રાહકના વાહનનો અકસ્માત થતાં ગ્રાહકે વીમા ક્લેઈમ મુક્યો હતો પરંતુ વીમા કંપનીએ ગ્રાહકનો ક્લેઈમ નામંજૂર કરી દીધેલ.

ગ્રાહકે ઘણા પ્રયાસો કરવા છતાં વીમા કંપની સાંભળતી ના હોઈ ગ્રાહકે ગુજરાતની જાણીતી ગ્રાહક હિત હક્ક રક્ષક સંસ્થા શ્રી જાગૃત નાગરિક ગ્રાહક સુરક્ષા મંડળ સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી કિશોરભાઈ દવેને લેખિત ફરિયાદ આપેલ. ગ્રાહકની આ ફરિયાદને ગંભીરતાથી લઈ શ્રી દવેએ નોટિસ વિગેરેની કાર્યવાહી કરવા છતાં વીમા કંપની દ્વારા કોઈ જ જવાબ ના આપતા શ્રી દવેએ બનાસકાંઠા જિલ્લા ગ્રાહક અદાલત સમક્ષ ફરિયાદ દાખલ કરેલ. જે ફરિયાદના અનુસંધાને શ્રી દવેની ધારદાર દલીલોને માન્ય રાખી ગ્રાહક અદાલતના પ્રમુખ ડી. વાય. મલિક, સભ્ય રીટાબેન પંચાલ અને બી.કે.ત્રિવેદીએ વીમા કંપની ને રૂ. ૩,૪૯,૨૧૮૩/- ફરિયાદ કર્યા તારીખથી ૮ તક વ્યાજ તેમજ ખર્ચના રૂ. ૩૦૦૦ ગ્રાહકને ચૂકવી આપવાનો આદેશ કરેલ. આમ શ્રી જાગૃત નાગરિક, ગ્રાહક સુરક્ષા મંડળની કાર્યવાહીથી ગ્રાહકને તેના નાણાં પરત મળતા ન્યાય મળેલ.

## પાલનપુર નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપમાં વિવાદ વણસ્યો

# ટીકીટ ન મળેલા કાર્યકરોએ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીમાં જોડાયા

## ભાજપના કેટલાક કાર્યકરોએ કોંગ્રેસ અને આપમાંથી ઉમેદવારી કરી

પાલનપુર
પાલનપુર નગરપાલિકાની ચૂંટણીમાં ફોર્મ ભરવાના છેલ્લા દિવસે શનિવારે ભાજપના કેટલાક પૂર્વ હોદ્દેદાર તેમજ પૂર્વ નગરસેવકો અને કાર્યકરોએ ભાજપનો છેડો ફાડી કોંગ્રેસ તેમજ આપમાં જોડાયા હતા.અને પોતાની ઉમેદવારી નોંધાવી હતી.

પાલનપુર નગરપાલિકાના ૧થી ૧૧ વોર્ડની ચૂંટણી યોજાવાની છે.જેમાં ભાજપ કોંગ્રેસના કાર્યકરોમાં બળવો થવાના ભયથી છેલ્લી ગડી સુધી ભાજપ-કોંગ્રેસ ઉમેદવારોનું લીસ્ટ જાહેર કર્યુ ન હતુ.અને ફોર્મ ભરવાના છેલ્લા બે દિવસ અગાઉ જે ઉમેદવારોને ચૂંટણી લડાવવાની છે તેમને ટેલીફોનીક જાણ કરી ફોર્મ ભરાવવામાં આવ્યા હતા.જેમાં ફોર્મ ભરવાના છેલ્લા દિવસે શનિવારે ભાજપના પૂર્વ શહેર પ્રમુખ અને છેલ્લા પાંચ ટર્મથી ભાજપમાંથી ટીકટીની માગણી કરતા ભરત પટેલની ટીકીટ ચાપવામાં આવતા તેમને આમ આદમી પાર્ટીમાં જોઈડી પોતાની ઉમેદવારી નોંધાવી હતી.તેમજ ભાજપમાંથી ટીકીટની માગણી કરેલ રવિ સોની,પ્રકાશ ત્રિવેદી સહીતના ભાપજના કાર્યકરોએ ભાજપને અલવીદા કરી રવિસોનીએ કોંગ્રેસ તેમજ પ્રકાશ ત્રિવેદીએ અપક્ષમાંથી દાવેદારી કરી હતી.તેમજ ગતટર્મમાં ભાજપમાંથી વિજય થયેલા ઠાકોર સમાજના ભારતીબેન ઠાકોર,તેમજ ભરત ઠાકોરની ટીકીટ કાપવામાં આવતા તેઓએ ભાજપનો છેડો ફાડી આમ આદમી પાર્ટીમાંથી ઉમેદવા કરી હતી.જેથી આ વખતે કોંગ્રેસ કરતા ભાજપમાં વધુ કાર્યકરો અને હોદ્દેદારોમાં નારાજગી જોવા મળી રહી છે.

### ભાજપ-કોંગ્રેસ અને આમઆદમી પાર્ટી તેમજ અપક્ષના ઉમેદવારોએ ફોર્મ ભર્યા

પાલનપુર નગરપાલિકાની ચૂંટણીમાં ફોર્મ ભરવાના છેલ્લા દિવસે શનિવારે ભાજપ-કોંગ્રેસના ઉમેદવારોએ ફોર્મ ભરી પોતાની ઉમેદવારી નોંધાવી હતી.તેમજ ભાજપ કોંગ્રેસમાંથી ટીકીટ કપાયેલા ઉમેદવારોએ અપક્ષમાંથી ઉમેદવારી કરી હતી.

## દરજ્જો અપાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

જમ્મુ અને કાશ્મીરનો કેન્દ્રશાસિત પ્રદેશનો દરજ્જો કામચલાઉ છે એમ જણાવતા શાહે કોંગ્રેસ સહિતના વિપક્ષને આડેહાથ લેતા કહ્યું કે, જમ્મુ કાશ્મીરમાં કલમ ૩૭૦ની તરફેણ કરનારા પક્ષોને ત્યારે વાંધો નહતો જ્યારે કલમ ૩૭૦ હેઠળ હંગામી રાજ્યનો દરજ્જો હતો અને ૭૦ વર્ષ સુધી તે ચાલુ રહ્યું. પરંતુ જ્યારે મોદી સરકારે ૫ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ કલમ ૩૭૦ને રદ કરવાનો નિર્ણય કર્યો ત્યારે તેમણે ભારે હોબાળો મચાવ્યો હતો. ૨૦૧૪માં મોદી સરકાર સત્તામાં આવી ત્યારથી જ જમ્મુ-કાશ્મીરનો વિકાસ તેમની ટોચની પ્રાથમિકતા રહી છે તેમ શાહે જણાવ્યું હતું.

જમ્મુ કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવ્યા બાદ પંચાયતની ચૂંટણીમાં ૫૧ ટકા મતદાન થયું હતું. ક્ષેત્રના વિકાસ માટે પંચાયતોને વહીવટી અને નાણાકીય સત્તા સોંપવામાં આવી છે. અગાઉ પંચાયતો પાસે આ બાબતોનો અભાવ હતો. હવે લોકો દ્વારા પસંદ કરાયેલા જનસેવકો જમ્મુ અને કાશ્મીરના વિકાસ માટે કામ કરી શકે છે. અગાઉની જેમ રાજકીય પરિવારના લોકોને હવે સત્તા વારસામાં નથી મળી શકતી. શાંતિમય માહોલમાં યોજાયેલી પંચાયતની ચૂંટણીમાં અમારા હરિફો પણ કોઈ ખોટું થયું હોવાનો વાંધો ઉઠાવી શક્યા નથી તેમ શાહે જણાવ્યું હતું.

ક્ષેત્રમાં બે એઈમ્સ શરૂ કરવાની કામગીરી ચાલુ થઈ ગઈ છે અને ૨૦૨૨ સુધીમાં ખીણ પ્રદેશને રેલવે નેટવર્ક સાથે જોડાશે. શાહે આશ્વાસન આપતા કહ્યું કે, જમ્મુ અને કાશ્મીરના લોકોએ ચિંતા કરવાની જરૂર નથી. કોઈપણ સ્થાનિક વ્યક્તિની જમીન જશે નહીં. ક્ષેત્રમાં વિકાસ માટે સરકાર પાસે પુરતી જમીન છે.

૨૦૨૨ સુધીમાં જમ્મુ અને કાશ્મીરમાં ૨૫ હજાર સરકારી નોકરીઓ ઉભી કરાશે તેમ અમિત શાહે લોકસભામાં જણાવ્યું હતું.

## રેકી કરી

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેણે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારની ઓફિસ સહિત કેન્દ્રીય ઓદ્યોગિક સુરક્ષા દળ (ઝૈંજીહ્લ)ના સુરક્ષા વિસ્તારમાં જાસૂસી કરી એક વીડિયો શૂટ કરવા તે ઈન્ડિગોની ફલાઈટમાં શ્રીનગરથી નવી દિલ્હી પહોંચ્યો હતો. એનએસએ કાર્યલાયની રેકી કર્યા બાદ તેણે ત્યાં

રેકોર્ડ કરાયેલો એક વીડિયો પાકિસ્તાન સ્થિત હેન્ડલરને વ્ટોસએપ કર્યો હતો. વીડિયો મોકલ્યા બાદ આતંકવાદી મલિક બસમાં બેસીને કાશ્મીર પરત ફર્યો હતો. મલિકની કાળી કુંડળીમાં કેટલાક બીજા પાના પણ છે. પુલવામા આતંકી હુમલા દરમિયાન પણ તેણે રેકી કરી હતી. જમ્મુ-કાશઅમીર પોલીસની પૂછપરછમાં તેણે સ્વીકાર્યું છે કે તેણે આતંકવાદી સમીર અહમદ ડાર સાથે ૨૦૧૯માં ઉનાળાના સમયગાળામાં સાંબા સેક્ટરમાં સરહદે રેકી કરી હતી. અહમદ ડાર ૨૧ જાન્યુઆરી ૨૦૨૦માં થયેલા પુલવામા આતંકવાદી હુમલામાં સામેલ હતો અને તેની બાદમાં ધરપકડ કરાઈ હતી. મલિકે ૨૦૨૦માં કાશ્મીરમાં એક આત્મઘાતી હુમલા માટે એક હ્યુનાડાઈ સેન્ટ્રો કાર પુરી પાડી હતી. આ ઉપરાંત તેણે કબૂલ્યું છે કે તેણે જૈશના અન્ય ત્રણ આતંકવાદીઓ ઈરફાન ઠોકર, ઉમર મુશ્તાક અને રઈસ મુસ્તફાને શોપિયાંમાં નવેમ્બર ૨૦૨૦માં જમ્મુ-કાશ્મીર બેંકની કેશ વાનમાંથી ૬૦ લાખની લૂંટ કરી હતી. મલિકે જૈશના ઓપરેટર આશિક અહમદ નગરુને ડિસેમ્બર ૨૦૧૮ અને જાન્યુઆરી ૨૦૧૯ વચ્ચે સાંબા સેક્ટરમાંથી ભારતમાંથી બહાર ભાગવામાં પણ મદદ કરી હતી.

## સીધી ને સટ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાખો..!! તો તેમને 'મત' પણ મળશે અને 'મન' પણ મળશે.

ચૂંટણી તો આજ છે ને કાલ નથી..! જય જયકાર આજે હોય પણ ખરો ને કાલે ન પણ હોય..! એનાથી અંજાઈ ના જાવ... સત્તા પાછળ અંધ બનવાનો સમય હવે નથી..! કારણ કે સત્તા કોઈની રહી નથી ને રહેશે નહિ. સત્તા કરતાં જીવન અમુલ્ય છે પક્ષ કરતા પરિવાર મહત્વનો છે. અને રાજકારણ કરતા સમાજકારણ અમુલ્ય છે. જીત અને જીવન વચ્ચે પસંદગી કરવાનું આપણા હાથમાં છે. એકવાર નહી બે વાર નહિ... સો વાર વિચાર કરીને ડગ માંડો. 'જીવ' હશે તો 'જીત' ચોક્કસ થશે. નિયમ પાળીશુ તો નેતા થતાં કોઈ રોકી શકશે નહી. આ દસ જ દિવસનો ખેલ છે. દસ દિવસ સાવચેતીપૂર્વક... સાવધાનીપૂર્વક ચૂંટણી લડાશે તો વિજય દિવ્ય બનશે. આપના પરિવાર ખાતર, ગુજરાતના ભવિષ્ય ખાતર અને સમાજના હિત ખાતર કોરોનાકાળમાં સોશિયલ ડિસ્ટન્સીંગ માસ્ક અને સેનેટાઈઝરના નિયમોનું ચુસ્તપણે પાલન કરશે તો ગુજરાતને વણસતી સ્થિતિમાંથી બચાવી શકાશે. પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રીની અપીલને માન આપશો તો આપનું અને પક્ષનું સારૂ લાગશે..! દસ મહિના રાખેલો સંયમ એળે ના જાય..! એ પણ સમયનો અણસાર છે.. સમયને શાનમાં સમજીએ તો સમયના વરવા સ્વરૂપો જોવાનો સમય ના આવે..!!

## પ્રમુખ પોતે જ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એટલે જ પક્ષે પણ તેમની લાગણીને માન આપી ઉમેદવારી કરવાની મંજૂરી આપી હોવાની પણ કાર્યકરોમાં ચર્ચા ચાલી રહી છે.

આમ તો સૂર્યસિંહ ડાભીએ માણસામાં પણ એક-બે બેઠકો માટે વિચાર્યુ હતુ પરંતુ તાલુકામાં શરૂઆતમાં જ થોડીક વિરોધી વાતો ઉઠવા પામતાં તેમણે દહેગામ તાલુકામાં પસંદગી ઉતારી હતી. આમ તો તેઓ સાણોદા બેઠક પરથી લડવા ઉત્સુક હતા પરંતુ છેલ્લે તેમણે કડજોદરા બેઠક પસંદ કરી હતી.

આજે તેમણે ઉમેદવારી પત્ર ભરવાના અંતિમ દિવસે જ ઉમેદવારી નોંધાવી રાજકીય વર્તુળોમાં ચકચાર મચાવી દીધી છે. તેમની ઉમેદવારી ભાજપની આક્રમક રણનીતિને ખાળવા માટે કરાવવામાં આવી હોવાનો મત પણ કેટલાક કાર્યકરો વ્યક્ત કરતા સાંભળવા મળ્યા હતા. જો કે ડાભીની ઉમેદવારી પછી રાજકીય વર્તુળોની નજર દહેગામ તાલુકા પર કેન્દ્રીત થઈ છે.